CRMA-J/81/2015 ORDER

Registration No.: CRMA-J/81/2015
Filing No.: CRMA-J/81/2015
Filed On: 24/02/2015
Registered On : 24/02/2015

**IN THE TALUKA COURT AT UNJHA**

**CRIMINAL MISC. APPLICATION - JMFC NO. 81 OF 2015.**

CRMA-J/81/2015

**Applicant :**

**1.** PATEL MAULIKKUMAR JAYANTILAL
AITHOR
SUBHASHCHOK,
TAL.UNJHA DIST.MAHESANA
AAITHOR

**VERSUS**

**Opponent :**

1. PRINCIPAL SHRI,G.L.PATEL HIGHSCHOOL,UNJHA
UNJHA
TAL.UNJHA DIST.MAHESANA
UNJHA

Appearance:
D.M.PATEL For Applicant 1

No Advocate For Opponent

---

The finding and in the case of conviction a brief statement of the reasons therefor

(૧).. ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપી ગઈ તા.૦૩–૦૨–૨૦૧૫ ના રોજ કલાક ૧૪.૪૫ વાગ્યે મોજે ઉંઝા ટાઉનમાં પોલીસ સ્ટેશન આગળ આવતાં જાહેરમાં વગર પાસ પરમીટનો દારૂ પી લથડીયાં ખાતો મળી આવી પકડાઈ જઈ ગુનો કરતાં તે સબબની ફરિયાદ ફરિયાદીએ આપતાં ફરિયાદીની ફરિયાદ ઉપરથી તપાસ કરનાર અમલદારે તપાસ કરી આરોપી વિરૂઘ્ધ બોમ્બે પ્રોહીબીશન એકટની પ્રોહી. એકટ કલમ ૬૬(૧)(બી), ૮૫ (૧)૩ મુજબનો ગુના સબબનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં તા.૦૩–૦૨–૨૦૧ ૫ ના રોજ રજૂ કરેલ છે. ચાર્જશીટ રજૂ થતાં આરોપી વિરૂઘ્ધ કોગ્નીઝન્સ લઈ સમન્સ કાઢવામાં આવેલ. આરોપીને સમન્સ બજતાં આરોપી કોર્ટમાં હાજર થતાં આરોપીને સી.આર.પી.સી. કલમ ૨૦૭ મુજબ વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપીએ આજરોજ તેઓ ગુનો કબુલ કરવા માગે છે તેવી પુરસીસ રજૂ કરતાં તે પુરસીસ આંક–૩ થી રેકર્ડ ઉપર નોંધવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપીની પ્લી આંક–૪ થી નોંધવામાં આવેલ છે. જે આંક–૪ ની પ્લીમાં તેમની સામેના ગુનાનુ તહોમતનામુ વાંચી સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

(૨) આરોપી તેઓની કબુલાત પુરસીસ આંક–૩ થી આજરોજ આપી જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના અને અમો બાળ બચ્ચાંવાળા છીએ, અમારા કુટુંબની અમારી ઉપર જવાબદારી છે. અમારી આ પ્ર થમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે અને તેથી કાયદામાં જણાવેલ મહત્તમ સજા ન કરી અમો ઉપર દયા કરવા આપ નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ

ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકીકતે આરોપીની સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧), પાના નં.૭૦૯) આપેલ સમજુતી મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જાણતા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## 8. Sentence for Final Order :-

**<u>–:: હુ ક મ ::–</u>**

(અ) આ કામના આરોપી પટેલ મહેન્દ્રભાઈ જોઈતારામ રહે–ઉંઝા ગોયાનગર વૈજનાથપરૂ, ,તા.ઉંઝા,જિ.મહેસાણા ને ક્રિ. પ્રો. કોડ ૧૯૭૩ ની કલમ ૨૫૨ મુજબ બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬–૧–બી, ૮૫(૧)૩ મુજબના ગુનાના કામે દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને બોમ્બે પ્રોહી. એકટની કલમ ૬૬–૧ –બી, ૮૫(૧)૩ મુજબના ગુના સબબ કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

## 9. Date on which the proceeding terminated :-

હુકમ આજ રોજ તારીખ ૧૪ , માહે–મે, વર્ષ ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪–૦૫–૨૦૧૫.

સ્થળ : ઉંઝા.

(દિપ્તી મૌલિક પંડયા)
CODE-GJ 01290
જયુડી.મેજી.ફ.ક., (એડહોક),
ઉંઝા.